# ગાંધીનગર સિવિલની હાલત એક સાંધે ત્યાં તેર તૂટે તેવી થઈ ગઈ છે !!

**સમસ્યાઓથી ઘેરાયેલુ પાટનગર : રિકવરી રેટ નોંધપાત્ર રહેતાં કેટલાક તબીબી અધિકારીઓને અમદાવાદ ખસેડવાનો નિર્ણય લેવાયો**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલને કોવિડ-૧૯ માં તબદીલ કરાયા પછી સ્ટાફની અછતની ગંભીર સમસ્યા તંત્ર વાહકો કરી રહ્યા છે ત્યાં રાજ્ય સરકારે કેટલાક તબીબોને અમદાવાદ ખાતે પ્રતિનિયુક્તી પર મુકવાના કરેલા નિર્ણય પછી તંત્રની સ્થિતિ એક સાંધતા ૧૩ તૂટે તેવી થઈ છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલને કોવિડ-૧૯ માટે તબદીલ કરવામાં આવી ત્યારે ૩૩ ફીઝીશ્યન સહિત ૧૦૦ થી વધુ કર્મયોગીઓની ભરતી માટે જિલ્લાતંત્ર દ્વારા જાહેરાત આપવામાં આવી હતી.

જો કે મેડીકલ ઓફિસર અને અન્ય સ્ટાફની ભરતી પણ જે જરૂરિયાત હતી તેટલા પ્રમાણમાં કરવામાં આવી ન હતી. જો કે ઓછા સ્ટાફે પણ ગાંધીનગર સિવિલને કોવિડ-૧૯ હોસ્પિટલ માટે તબદીલ કરવામાં આવી હતી.

આ પછી ગાંધીનગર નજીકની ત્રણ હોસ્પિટલોને કોવિડ-૧૯ હોસ્પિટલમાં તબદીલ કરવાની તંત્રએ કવાયત હાથ ધરી હતી અને તેમાં સફળતાઓ શરતી મળી હોવાનું જાણવા મળેલ છે.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે જે હોસ્પિટલોને કોવિડ-૧૯ માટે નિયત કરવામાં આવી છે તેમાં રખાયેલા દર્દીઓને ચકાસવા માટે પણ ગાંધીનગર સિવિલના તબીબોની ટીમ જ જશે તેવી વાતને કારણે સિવિલ હોસ્પિટલમાં તબીબોની અછત ઉભી થવા પામી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ એ જિલ્લાકક્ષાની હોસ્પિટલ છે અને તેમાંથી ૫૦ ટકા પથારી તો કોવિડ માટે જ રાખવામાં આવી છે. હાલ અહિ ૭૦ જેટલા દર્દીઓ છે. ગાંધીનગર મેડીકલ કોલેજ હોવાને કારણે અહિ તજજ્ઞો પણ ઉપલબ્ધ છે. ગાંધીનગરમાં ૨૦૦ થી વધુ કેસ પછી પણ ૫૦ ટકા જેટલો રિકવરી રેટ જોવા મળી રહ્યો છે ત્યારે તંત્રએ કેટલાક તબીબો અને ઈન્ટર્નશીપ કરતા યુવાન તબીબોને અમદાવાદ સિવિલમાં પ્રતિનિયુક્તી પર મુકવાના કરેલા નિર્ણયને પગલે સિવિલની હાલત એક સાંધતા ૧૩ તૂટે છે તેવી થવા પામી છે.

જિલ્લામાં ૧૦ થી વધુ આરોગ્યકર્મીઓ કોરોનાથી સંક્રમિત થયેલા છે. બીજી તરફ ચોમાસુ પણ વહેલુ બેસવાની વાતો તંત્રમાંથી આવી રહી છે તે પહેલાં કોવિડ-૧૯ ના સંક્રમણને નિયંત્રિત કરવા માટે જરૂરી પગલાંઓ લેવામાં આવી રહ્યાં છે. કડક નિયંત્રણો પણ લોકો પાસે પળાવવામાં આવી રહ્યા છે પણ સ્ટાફની અછતને લઈ તંત્રનું મૌન સૌને અકળાવી રહ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં કોવિડ-૧૯ના સંક્રમણને ટાળવા માટે વધુ તજજ્ઞ તબીબોની જરૂર છે તેમજ જિલ્લાતંત્રએ પણ ભરતી માટેના

● અનુસંધાન પાન-૭ પર

# શહેર-જિલ્લામાં વધુ ૧૧ ડિસ્ચાર્જ રિકવરી રેટમાં નોંધપાત્ર સુધારો

**આજે એક જ દિવસમાં ૧૧ દર્દી સાજા થતાં રજા અપાઈ : જિલ્લામાં કુલ ૧૧૦ દર્દી સાજા : શહેરમાં ૮ દર્દી સાજા થયા તો ગ્રામ્ય વિસ્તારમાં ૩ દર્દી સાજા થયા, ૩ મહિલા દર્દી અને ૮ પુરૂષ દર્દીને રજા અપાઈ**

**કયા સેક્ટરમાં કેટલા કેસ ?**

| સેક્ટર | કેસ | રિકવર |
|---|---|---|
| સેક્ટર-૨ | ૦૮ | ૦૭ |
| સેક્ટર-૩ | ૧૦ | ૦૭ |
| સેક્ટર-૩ન્યુ | ૦૫ | ૦૫ |
| સેક્ટર-૪/સી | ૦૧ | ૦૦ |
| સેક્ટર-૫ | ૦૧ | ૦૧ |
| સેક્ટર-૬ | ૦૧ | ૦૦ |
| સેક્ટર-૭ | ૦૨ | ૦૨ |
| સેક્ટર-૮ | ૦૩ | ૦૨ |
| સેક્ટર-૧૨ | ૦૧ | ૦૧ |
| સેક્ટર-૧૩ | ૦૨ | ૦૧ |
| સેક્ટર-૧૭ | ૦૧ | ૦૧ |
| સેક્ટર-૨૧ | ૦૪ | ૦૦ |
| સેક્ટર-૨૨ | ૦૩ | ૦૧ |
| સેક્ટર-૨૩ | ૦૫ | ૦૪ |
| સેક્ટર-૨૪ | ૧૮ | ૧૦ |
| સેક્ટર-૨૭ | ૦૩ | ૦૦ |
| સેક્ટર-૨૯ | ૦૭ | ૦૬ |
| સેક્ટર-૩૦ | ૦૧ | ૦૧ |
| કુલ | ૭૬ | ૪૯ |

*(એક મૃત્યુ-સેક્ટર-૨૯)

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં આજે એક પણ કોરોના પોઝીટીવનો કેસ નોંધાયો નથી. આને પગલે તંત્રે આજે થોડીક રાહત અનુભવી હતી. આજે એક જ દિવસમાં ૧૧ દર્દીઓ રિકવર થતાં તંત્રમાં થોડોક ખુશીનો માહોલ પણ જોવા મળતો હતો.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં આજે ૧૧ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે ડિસ્ચાર્જ મેળવનારાઓમાં ૩ મહિલા દર્દી અને ૮ પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાંથી ૮ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જેમાં ૧ મહિલા દર્દી અને ૭ પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે.

સે. ૩-ન્યુ માંથી નોંધાયેલા દર્દીઓ પૈકી આજે ૩ દર્દી સાજા થતાં, સે. ૫ માં ૧ દર્દી સાજા થતાં, સે. ૮-સી માં ૧ દર્દી સાજા થતાં અને સે. ૨૪ માં ૩ દર્દી સાજા થતાં તેમનો ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

મનપાના સૂત્રોએ જણાવ્યુ છે કે શહેરમાં નોંધાયેલા ૭૬ દર્દી પૈકી ૪૯ દર્દી રિકવર થતાં રિકવરી રેટ ૫૦ ટકા કરતાં પણ વધુ નોંધાયો છે. સારવાર દરમ્યાન ૧ દર્દીનું મોત નીપજ્યુ હતુ. જો કે હાલ ૨૬ દર્દી એક્ટીવ કેસ તરીકે હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

**કલોલ અને ગાંધીનગર તાલુકાની ૧-૧ મહિલાને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ ઉપરાંત ૧ પુરૂષ દર્દી જે ગાંધીનગર તાલુકાનો હતો તે પણ રિકવર થઈ જતાં તેને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.**

બીજી તરફ જિલ્લા આરોગ્ય તંત્રએ જણાવ્યુ છે કે આજે વધુ ૩ દર્દી સાજા થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જે દર્દીઓને આજે ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે તેમાં બે મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. કલોલ અને ગાંધીનગર તાલુકાની ૧-૧ મહિલાને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ ઉપરાંત ૧ પુરૂષ દર્દી જે ગાંધીનગર તાલુકાનો હતો તે પણ રિકવર થઈ જતાં તેને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લામાં આજે એક સાથે ૧૧ દર્દીઓને રજા અપાતાં લોકોમાં પણ ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

જિલ્લામાં નોંધાયેલ ૧૯૮ કેસમાંથી ૧૧૦ દર્દી સાજા થઈ હોસ્પિટલમાંથી રજા અપાતાં રિકવરી રેટમાં પણ નોંધપાત્ર સુધારો થયો છે. જિલ્લાનો રિકવરી રેટ ૫૦ ટકાને પાર કરી ગયો હોવાથી તંત્રમાં ખુશીનો માહોલ વધુ જોવા મળતો હતો.

## જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ત્રણ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩ કેસ નોંધાયા છે. આ સાથે જિલ્લામાં નોંધાયેલા કેસોની સંખ્યા ૨૦૦ ના આંકને પાર કરી ગઈ છે.

મળતી વિગતો પ્રમાણે અમદાવાદ પોલીસમાં ફરજો બજાવતા માણસા તાલુકાના ભીમપુરાનો એક વ્યક્તીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. તે સામાજિક કારણોસર ગામમાં આવ્યો હતો. જો કે તે અમદાવાદ ફરજો બજાવે છે અને અમદાવાદ ખાતે જ તેના નમુના લેવાયા હતા જેમાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

**આ સાથે જિલ્લામાં નોંધાયેલા કેસોની સંખ્યા ૨૦૦ ના આંકને પાર કરી ગઈ**

આ ઉપરાંત પેથાપુર ખાતે વધુ એક પોઝીટીવ નોંધાયો છે. પેથાપુરના વિકાસ પામી રહેલ વિસ્તારમાં એક યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ બે કેસ ઉપરાંત નરોડા વિસ્તારની મોહનનગર રોડ પરની એક સોસાયટીમાંથી પોઝીટીવ કેસ મળી આવ્યો છે.

# શહેરમાં સતત બીજા દિવસે પણ ગરમીનો પ્રકોપ

**તાપમાન ૪૪ ડીગ્રી : દિવસે ગરમી અને સાંજ ઢળતા કોરોનાના કરફ્યુથી નગરનુ જનજીવન સુન્ન : આકરી ગરમીથી નગરજનો ત્રાહીમામ : બપોરના સમયે શોપિંગ બજારમા ંપણ સન્નાટો**

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી ગરમીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યુ છે. ગરમીનો પારો નીચે ઉતરવાનુ નામ લેતો નથી કોરોનાના લોકડાઉનમાં હળવાશ મળી છે. ત્યારે ગરમીએ કરફ્યુ જાહેર કર્યો હોય તેવી સ્થિતિ છે. દિવસ દરમિયાન લોકડાઉનમાં છુટછાટ અપાઈ હોય તેવા સમયે પણ શહેરના જનજીવનમાં આક્રમક ગરમીની અસરથી સન્નાટો છવાયેલો જોવા મળે છે. આજે પણ ગરમીનો પારો ૪૪ ડીગ્રીએ રહ્યો હતો.

ગાંધીનગરમાં આકરી ગરમીએ જનજીવનને બેબાકળુ કરી દીધુ છે. છેલ્લા દોઢ મહીનાથી ગરમીનો પારો ૪૦ ડીગ્રીની ઉપર જ રહે છે. જયારે છેલ્લા એક સપ્તાહથી ગરમીએ હદ વટાવી છે. ગરમીનો પારો ૪૧ થી ૪૪ ડીગ્રી વચ્ચે જ ચઢઉતર થાય છે. જેના લીધે દિવસ ઉગતા જ વાતાવરણમાં આકરી ગરમીનુ મોજુ ફરી વળે છે. છેલ્લા બે દિવસથી ગરમીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યુ છે. ગરમીનો પારો ગઈકાલે ની જેમ આજે પણ ૪૪ ડીગ્રીએ જ રહ્યો હતો. જયારે લઘુત્તમ તાપમાન પણ ૨૫ ડીગ્રી જ નોંધાયુ છે.અલબત્ત ગઈકાલની સાપેક્ષમાં મહત્તમ અને ન્યુન્નતમ પારો યથાવત સ્થિતિમાં જ જોવા મળ્યો છે. આજે પણ અસહ્ય ગરમીના લીધે નગરજનો તોબા પોકારી ગયા હતા. લોકડાઉનમાં અપાયેલી છુટછાટના સમયે આકરી ગરમી અનુભવતા નાગરિકો અને વેપારીઓ પણ પ્રભાવિત થયા છે. વેપારીઓ બપોરના સમયે દુકાનો ખોલીને બેસે છે. પરંતુ આક્રમક ગરમીમાં નગરજનો ઘરની બહાર

● અનુસંધાન પાન-૭ પર



લોકડાઉનમાં છૂટછાટ મળ્યા બાદ ગાંધીનગરમાં મોટા ભાગની સરકારી કચેરીઓ અને ખાનગી ઓફિસો શરૂ થઈ ગઈ છે. જેના કારણે વાહનોની અવરજવર ખૂબ વધી ગઈ છે. દોઢ-બે મહિના સુધી માર્ગો એકદમ સુમસામ રહ્યા હતા હવે માર્ગો પર સારો એવો ટ્રાફિક જોવા મળી રહ્યો છે. શહેર જાણે ધમધમતું થયું હોય તેવું લાગી રહ્યું છે.

## કોરોના સંકટ મોટુ પણ છે અને લાંબુ પણ છે

**આપણે એક સંકલ્પ કરીએ આપણે ઉત્સાહથી જીવીએ અને રોજ નવા એક વ્યક્તિને ઉત્સાહથી જીવવા પ્રેરિત કરીએ**

**કથા કોરોનાના કકળાટની...**

લોકડાઉનમાં આંશિક છુટછાટોના પગલે જનજીવન અડધુ-પડધુ ધબકતું થયું. થોડોક સળવળાટ અનુભવાયો, પરંતુ ભય હજુ યથાવત છે. કોરોનાનો ડર હોવો જોઈએ તેનાથી વધારે છે. એ પણ પ્રતિબિંબિત થાય છે. સ્થિતિ વિચિત્ર વળાંક ઉપર ઉભી છે. નિયંત્રણો હળવા કરાય છે તો કોરોનાના કેસ વધે છે. અને નિયંત્રણો કડક બનાવાય છે તો આર્થિક અને માનસિક સ્થિતિ વિકટ બને છે. એટલે સમાધાનનો માર્ગ એવો કઢાયો કે સૌએ પોતપોતાની જવાબદારી સંભાળવી, સૌએ સાવચેત રહેવું, કોરોનાની આચારસંહિતાનું અક્ષરશઃ પાલન કરવું, માસ્ક બાંધીને જ બહાર જવું, હાથ વારંવાર ધોવા અને બે ગજની દૂરીથી કોઈની પણ સાથે મુલાકાત કરવી. આ ટેવ પડતી જાય છે પણ સો ટકા પાલન નથી થતું એ પણ હકીકત છે. ક્યાં સુધી પોલીસ પાલન કરાવશે..? ક્યાં સુધી વહીવટીતંત્ર કાયદાઓ બહાર પાડ્યા કરશે..? આ પણ એક પ્રશ્ન છે. કોઈ સ્વીકારે કે ના સ્વીકારે પણ હવે ફ્રન્ટલાઈન કોરોના વોરીયર્સનો થાક ચહેરા પર અને વર્તનમાં દેખાય

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં તીડ આક્રમણથી ખેડૂતો ભયભીત

**તંત્રએ તીડ નિયંત્રણ માટેનો એક્શન પ્લાન અમલી બનાવ્યો : જુવાર-બાજરાના ખેતરોમાં તીડના ટોળા દેખાયા**





ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર તાલુકાના પાલજ-શિવપુરા કંપા સહિતના પંથકમાં આજે તીડ ત્રાટકતાં ખેડૂતોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

જિલ્લા ખેતીવાડી તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે કે તીડ આવ્યા છે અને તંત્રએ આ માટે ૧૨ જેટલી ટીમો બનાવી તીડ નિયંત્રણ અંગે રોડમેપ તૈયાર કરી દેવામાં આવેલ છે. તીડના કારણે હાલ કોઈ નુકસાન થયાનું જણાયુ નહિ હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે. ચિલોડા અને તેની આસપાસના ગામોમાં બાજરીના ખેતરોમાં તીડ ઉતરી પડ્યા હોવાથી નુકશાનના અંદાજોથી ખેડૂતો ચિંતાતુર બની ગયા છે.

તીડ નિયંત્રણ માટે રાસાયણિક દવાનો છંટકાવ કરવાનો જથ્થો પણ જિલ્લાતંત્રએ સુનિશ્ચિત કરી લીધો હોવાનો તંત્રના સૂત્રોએ કહ્યું છે.



જિલ્લા ખેતીવાડી વિભાગની ટીમોએ ગ્રામ્ય વિસ્તારમાં હાલ તો સંપર્કોને તેજ બનાવી અને તીડનું આક્રમણ ક્યાં ક્યાં કયા વિસ્તારમાં છે તેનુ લોકેશનની જાણકારી મેળવવાના શરૂ કરી દીધા છે.

ગાંધીનગર ઉપરાંત કલોલ તાલુકામાં પણ તીડના આક્રમણનો ભય હોવાનું જાણવા મળેલ છે.

રણતીડ તરીકે ઓળખાતા આ તીડના નિયંત્રણ માટે દવાના છંટકાવની કામગીરી તાત્કાલિક શરૂ કરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોનું કહેવુ છે. જો કે ખેડૂતો દ્વારા થાળી વગાડી અને અન્ય હાથવગા સાધનો થકી આ તીડને દૂર કરવાની કામગીરી હાથ ધરી છે. હાલ તો ખેડૂતોના જીવ અધ્ધર થઈ ગયા છે. જુવાર અને બાજરીના પાકમાં તીડ વધુ જોવા મળી રહ્યાનું ચિલોડા પંથકના ખેડૂતોએ વાતચીતમાં જણાવ્યું હતું.


## પ્રથમ માસિક પૂણ્યતિથીએ ભાવભીની શ્રદ્ધાંજલિ



રડી પડે છે આંખો અમારી,
નિહાળી તસ્વીર તમારી
ધૂપસળી જેવું જીવન તમારું,
અમ હૈયે ખોટ વર્તાશે તમારી

સ્વ. પ્રદ્યુમનસિંહજી કેસરીસિંહજી બિહોલા
સ્વ. તા. ૨૩-૪-૨૦

હિમાંશુ એન. ભચેચ — મહામંત્રી
રાજેન્દ્રભાઇ પારેખ — મહામંત્રી
ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225


# શહેરમાં આવાસ નિર્માણનુ કામ ટુંકમાં શરૂ કરાશે : ગોધરાથી શ્રમિકો આવશે

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરમાં કોરોનાના કહેર વચ્ચે છેલ્લા બે મહીનાથી તમામ વિકાસ કામો ઠપ્પ થઈ ગયા છે. જયારે હવે લોકડાઉનમાં છુટછાટ અપાયા બાદ સરકારી કચેરીઓ પણ કાર્યરત થઈ ગઈ છે ત્યારે બંધ પ્રાજેકટોને શરૂ કરવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. શહેરમાં સે-૬ માં આવાસ યોજનાનુ કામ પણ છેલ્લા બે મહીનાથી બંધ છે. ત્યારે હવે આ પ્રોજેકટને શરૂ કરવા માટે પ્રથમ લેબરની ઉપલબ્ધિ મોટો પ્રશ્ન છે. આવા સંજોગોમાં ગુજરાતના ગોધરા સહીતના વિસ્તારમાંથી મજુરોને કામે લગાડી સરકારી આવાસ યોજનાનુ કામ પુન : શરૂ કરવા માટે પણ તંત્ર તૈયારી કરી રહ્યુ છે. ટુંક સમયમાં આવાસ નિર્માણનુ કામ શરૂ કરી દેવાશે

ગાંધીનગરમાં કોરોના કાળ દરમિયાન છેલ્લા બે મહીનાથી વિકાસના વિવિધ કામો તેમજ માળખાગત સુવિધાના પ્રોજેકટસની કામગીરી પણ અટવાઈ છે. છેલ્લા બે મહીનાથી શહેરમાં નવા મકાનો બાંધવા સહીત નવા માર્ગોનુ નિર્માણ તેમજ નવી ઈમારતોનુ ચણતર બંધ છે. હાઈટેક વિકાસ તરફ આગળ વધતા શહેરમાં બધુ જ થંભી ગયુ છે. લોકડાઉન ફોર દરમિયાન સરકારે કામ ધંધા શરૂ કરવા માટે વિશેષ છુટછાટ આપી છે. જેના લીધે હાલ શહેરના શોપિંગ બજારો ધમધમી રહ્યા છે. બીજીતરફ સરકારી કામકાજોમાં પણ ગતિ આવે તે માટે તબક્કાવાર નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. હાલ સરકારી કચેરીઓ કાર્યરત છે. પરંતુ વિવિધ કામો હજુ સુધી શરૂ થઈ શક્યા નથી. આવા સંજોગોમાં

**છેલ્લા બે મહીનાથી બંધ આવાસ યોજનાનુ બાંધકામ શરૂ કરવા માટે તંત્રની તૈયારી : સે-૬ માં નવા આવાસો બાંધવાનુ કામ પુન : શરૂ કરાશે**

કોરોનાના કહેર વચ્ચે મજુરો પણ શહેર છોડીને પોતાના વતન ચાલ્યા ગયા છે.ત્યારે આ કામો પુન : શરૂ કરવાનુ તંત્ર માટે પણ ચેલેન્જરૂપ બન્યુ છે. શહેરમાં કર્મચારીઓ માટે નિર્માણ થતા નવા આવાસોનુ કામ પણ બંધ છે. જયારે આ કાર્યયોજનાનુ કામ પુન : શરૂ કરવા માટે તંત્રએ જરૂરી તૈયારીઓ શરૂ કરી છે. હાલ ગુજરાતમાં બહારના મજુરો પોતાના વતન જતા રહ્યા છે. ત્યારે સ્થાનિક મજુરોની મદદથી નવા આવાસોના નિર્માણનુ બાકી કામ શરૂ કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. શહેરના સે-૬ માં અંદાજિત ૫૬૦ જેટલા નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. જયારે હજુ પણ નવા આવાસો બાંધવા માટે સ્થળ પસંદગીની પ્રક્રીયા બાકી છે. જુના આવાસોનુ જરૂરી સમારકામ પણ અટવાયુ છે. આવા સંજોગોમાં છેલ્લા બે મહીનાથી સઘળી કામગીરી ઠપ્પ થઈ ગઈ છે. ત્યારે હવે નવેસરથી પ્રોજેકટનુ કામ હાથ ધરવા માટે તંત્ર કક્ષાએ આયોજન થઈ રહ્યુ છે. આવાસ યોજનાના નિર્માણ માટે ગોધરા સહીતના ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાંથી લેબર આવશે ટુંકા સમયગાળામાં જ આવાસો બાંધવાનુ કામ શરૂ કરી દેવાશે.

## મિલ્કતવેરો વળતર સાથે ભરવાની મુદતમાં વધુ બે માસનો વધારો કરવો : મેયર

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલે મિલ્કતવેરાની ૧૦ ટકા વળતર સાથેની સ્કીમ વધુ બે મહિના માટે લંબાવવાની સૂચના મનપાના કમિશનરને પત્ર લખી આપી છે.

લોકડાઉનના સમયગાળાને લઈ આ મુદતમાં વધારો કરવામાં આવે તેવી તેમને મળેલ રજુઆતો પછી તેમણે આ મુદત ૩૧-૭-૨૦૨૦ સુધી લંબાવવામાં આવે તેવા આદેશો સાથેનો પત્ર મ્યુનિ કમિશનરને પાઠવ્યો છે.

ગાંધીનગર મનપાની આવકનું મુખ્ય સ્રોત મિલ્કતવેરો અને અન્ય છે પણ મિલ્કતવેરો કોરોનાના સંક્રમણને લઈ અને લોકડાઉનમાં લોકો ભરવા જઈ શક્યા નથી. મનપાની વળતરની યોજના ૩૧-૫-૨૦૨૦ ના રોજ પુરી થતી હતી. આ યોજનાનો લાભ વધુમાં વધુ લોકોને મળી રહે તે માટે આ મુદતમાં વધારો કરવામાં આવે તે જરૂરી હોઈ યોગ્ય કાર્યવાહી કરવા મેયરે તેમના પત્રમાં જણાવ્યુ છે.

મનપામાં અત્યાર સુધીમાં મિલ્કતવેરાની વસુલી ૧૦ ટકાની આસપાસ જ થઈ હોવાનું જાણવા મળેલ છે.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com